## –: આંક–૧ તથા આંક–૧૨ લગત સંયુકત હુકમ :–

આજરોજ પોકારતાં વાદીના વિ.વ.શ્રી એ.એન.દેશાવલ હાજર છે. રેકર્ડ જોતાં પ્રસ્તુત દાવો પ્રતિવાદી સલીમભાઈ હામીદભાઈને દાવા–સમન્સ બજવાના સ્ટેજે છે. દાવો દાખલ થયો ત્યારથી પ્રતિવાદીના જરૂરી સરનામાના અભાવે સમન્સ બજેલ ન હોય આ કામ ત્યારથી જ સમન્સ બજવાના સ્ટેજ ઉપર છે. ઈસ્યુ કરવામાં આવેલ સમન્સનો શેરો જોતા પ્રતિવાદીને જણાવેલ સરનામે કોઈ ઓળખી બતાવતુ નથી તે મતલબના શેરા સાથે પરત ફરેલ છે. ત્યારબાદ વાદી તરફે રજુ કરવામાં આવેલ નવા સરનામે ફરીથી સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે તે સરનામે પણ પ્રતિવાદીને કોઈ ઓળખી બતાવતુ નથી તે મતલબના શેરા સાથે સમન્સ વગરબજે પરત ફરેલ છે. દાવાનું રેકર્ડ જોતા પ્રતિવાદીને સમન્સ બજાવવા માટે તા.૦૫/૦૪/૨૦૧૮, તા.૨૭/૧૨/૨૦૧૮, તા.૦૫/૦૩/૨૦૧૯ એમ જુદી જુદી વખત જુદા જુદા સરનામે સમન્સ બજાવવા પ્રયત્ન કરેલા છે અને દરેક વખતે વાદીએ પ્રતિવાદીનું જુદુ જુદુ સરનામુ આપેલ છે તે મુજબ અત્રેની કોર્ટ તરફથી વાદીએ જણાવેલા સરનામે વારંવાર બેલીફને મોકલી સમન્સ બજાવવા પ્રયત્ન કરાયેલ છે પરંતુ સમન્સ બજેલ નથી. આમ, વાદી ધ્વારા પોતાનો દાવો ડીસમીસ ન થાય તે હેતુથી પ્રતિવાદીના ખોટા સરનામા રજુ કરી તે સરનામે વિના કારણે સમન્સો કઢાવી કોર્ટનો અને કોર્ટની મશીનરીનો ભરપુર દુરુપયોગ કરવામાં આવેલ હોય તેવુ પ્રથમદર્શનીય જણાય છે.

ત્યારબાદ આજરોજ વાદી તરફથી આંક–૧૨થી સી.પી.સી. ઓર્ડર–૧, રુલ–૧૦ મુજબની અરજ કરી પ્રતિવાદી તરીકે સલીમ હામીદભાઈના બદલે અબ્બાજાવીદ અબ્બાકરીમ નામની વ્યકિતને પ્રતિવાદી તરીકે જોડી તે મુજબ દાવા અરજીમાં સુધારો કરવા પરવાનગી આપવી તેમની વિરુધ્ધ દાવાની કાર્યવાહી આગળ ચલાવવા રજુઆત કરાયેલ છે. વિ.વ.શ્રી દેશાવલે મુખ્યત્વે અરજીની હકીકતોને દલીલ સ્વરૂપે દોહરાવેલ છે અને તેઓની રજુઆત છે કે તા.૦૧/૦૬/૨૦૧૯ના રોજ વીજચેકીંગના સ્થળે તપાસ કરતા વીજચેકીંગ વાળુ સ્થળ બંધ હાલતમાં હતુ અને આજુબાજુમાં પુછતા તે જગ્યાએ હાલ  અબ્બાજાવીદ અબ્બાકરીમ આરબ નામની વ્યકિત કરે છે તે મતલબનું રોજકામ થયેલ છે જેથી તેમને પ્રતિવાદી તરીકે જોડવા રજુઆત કરેલ છે.

આ તબકકે દાવા અરજી જોતા વાદીએ પોતાના દાવામાં જણાવેલ છે કે તા.૧૪/૦૯/૨૦૧૫ના રોજ વાદી કંપનીના અધિકારીઓ પ્રતિવાદીના રહેણાંકના મકાને વીજચેકીંગમાં જતા પ્રતિવાદી વીજચોરી કરતા રંગે હાથે પકડાયેલા. જેથી પ્રતિવાદીને ધોરણસરની નોટીસ આપવા છતાં દાવાની રકમ રૂા.૩,૫૩૨/– પ્રતિવાદીએ ભરેલ ન હોય તે વસુલ લેવા આ દાવો લાવેલ છે.

આમ, વાદીની ખુદની દાવા અરજી જોતા જો તા.૧૪/૦૯/૨૦૧૫ના રોજ પ્રતિવાદી સલીમભાઈ હામીદભાઈને વીજચોરી કરતા રંગે હાથે પકડયા હોય તો હાલની અરજીમા જણાવેલ વ્યકિત અબ્બાજાવીદ અબ્બાકરીમ આરબનાઓ સામે વીજચોરીની રકમનો દાવો કરવાનું કારણ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે? તેનો કોઈ ખુલાસો તેમની રજુઆતમાં કે અરજીમાંથી પ્રાપ્ત થતો નથી. વળી, દલીલ ખાતર તેમની રજુઆત માની લઈએ તો પણ વીજચોરીનો બનાવ તા.૧૪/૦૯/૨૦૧૫નો છે જેનું વીજ બીલ તા.૧૪/૦૯/૨૦૧૫ના રોજ અપાયેલ છે. આમ, દાવાનું કારણ પ્રાપ્ત થયા બાદ ૩ વર્ષની સમય મર્યાદા પુરી થયા બાદ અબ્બાજાવીદ અબ્બાકરીમ આરબને દાવામાં પ્રતિવાદી તરીકે જોડી તેમની સામે વીજચોરીની લેણી રકમની વસુલાતની કાર્યવાહી કઈ રીતે કરી શકાય તે અંગે પણ વિ.વ.શ્રી કોઈપ્રકાશ પાડી શકેલ નથી.

વધુમાં, દાવાનું રેકર્ડ જોતા દાવા અરજી સાથેના તમામ દસ્તાવેજી આધારો જેવા કે વીજચોરી અંગેનું રોજકામ, ચેકીંગશીટ, વીજચોરી બીલ, ડીમાન્ડ નોટીસ વિગેરે તમામ દસ્તાવેજો

પ્રતિવાદી સલીમ હામીદભાઈના નામના છે અને તેમને ઉદેશીને તૈયાર થયેલા છે. તેવા સંજોગોમાં અન્ય કોઈ આધાર પુરાવાના અભાવે આંક–૧૨માં જણાવેલ વ્યકિત અબ્બાજાવીદ અબ્બાકરીમ આરબ સામે આ દાવા અંગે કોઈ કારણ પ્રાપ્ત થતુ હોય તેવુ પણ ફલીત થતુ નથી.

આમ, ઉપરોકત ચર્ચા અને સંજોગોને ધ્યાનમાં લેતા આંક–૧૨ની અરજી મંજુર કરવા પાત્ર જણાતી નથી. વળી, દાવો દાખલ થયો ત્યારથી સમગ્ર ઘટનાક્રમ જોઈએ તો વાદી કંપનીએ દાવો દાખલ કરતા પહેલા વાદી કંપનીના અધિકારીએ ફોર્મ નંબર–૧૨ ભરી પ્રતિવાદીની હયાતીની ખરાઈ કરી દાવો કરવા મંજુરી આપવાની હોય છે પરંતુ આ કેસ જોતા તે પ્રક્રિયા પણ યોગ્ય રીતે અનુસરાયેલ ન હોય અને ખોટી વ્યકિત સામે ભુતીયો દાવો દાખલ કર્યો હોય અને પોતાનો દાવો સમન્સ બજવણીના અભાવે ડીસમીસ ન થાય તે હેતુથી પ્રતિવાદીના જુદા જુદા સરનામા આપી અદાલતનો અમુલ્ય સમય અને શકિત વેડફેલ છે તેમજ કોર્ટ મશીનરીનો દુરુપયોગ કર્યો હોય તેવુ સ્પષ્ટ જણાતુ હોય, આ પ્રકારની પ્રવૃતિને કોઈપણ રીતે પ્રોત્સાહીત કરવી અયોગ્ય ગણાય અને આવી પ્રવૃતિને ડામવા માટે સમગ્ર સંજોગો જોતા વાદીનો દાવો ડીસમસ કર્યા સીવાય અત્રેની અદાલત પાસે અન્ય કોઈ વિકલ્પ બચતો નથી. સાથે સાથે વાદીની ઉપરોકત વર્તણુંક જોતા દાખલારૂપ ખર્ચનો પણ હુકમ કરવો અત્રેની કોર્ટને ન્યાયોચીત અને યોગ્ય જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરુ છું.

**: હુ ક મ :**

વાદીનો દાવો આથી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે.

વાદીએ રૂા.૩,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) લીગલ એઈડમાં કોસ્ટ પેટે દિન–૩૦માં જમા કરાવવા આદેશ કરવામાં આવે છે. આ રકમ વાદી સમય મર્યાદામાં જમા કરાવવામાં કસુર કરે તો જીલ્લા કાનુની સેવા સતા મંડળના સેક્રેટરી ધ્વારા વસુલાત અંગે પગલા લેવા આદેશ કરવામાં આવે છે.

આજ તારીખ : ૧૨મી, માહે જુન : સને–૨૦૧૯ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી અને સિકકો મારી જાહેર કર્યો.

તા.૧૨/૦૬/૨૦૧૯
સ્થળ : ઉના

(એસ.એલ.ઠકકર)
સ્પેશ્યલ જજ (ઈલેકટ્રીસીટી) અને
ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, ઉના.
(કોડ નં.જીજે–૦૦૫૮૮)